**DK-001-001222** Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**March - 2022**

## Gujarati : Paper-4

## (ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-2)

**(Old Course)**

**Faculty Code : 001**
**Subject Code : 001222**

Time : **2.30** Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું વિવરણ કરો. **14**

(૧)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

**- રમણભાઈની નીલકંઠ**

**અથવા**

(૨)

વિદ્યાપીઠનું શિક્ષણ એ વિશિષ્ટ શક્તિ ધરાવનારાઓ માટેનો વિશેષાધિકાર છે. અને જેમની પાસે આ શક્તિ છે, પણ તે માટેના પૈસા નથી, તેમને સમાજના પૈસાથી એ તાલીમ મળવી જોઈએ. શક્તિ માટેની કસોટીમાંથી પસાર થયા વગર કોઈને વિદ્યાપીઠમાં પ્રવેશ મળવો ન જોઈએ. અને વિદ્યાપીઠમાંથી દાખલ થયા પછી પણ અધ્યાપકને તે વિદ્યાર્થીએ એવી ખાતરી કરાવી દેવી જોઈએ કે તે પોતાને મળેલી

તક અને સમયનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. પોતાના અભ્યાસ અને મહેનતથી અધ્યાપકોને સંતોષ આપી શકે તે જ વિદ્યાથી વિદ્યાપીઠમાં રહી શકે, તેમ થવું જોઈએ. વિદ્યાપીઠ એ નવરાસનો સમય ગાળવા માટેનું સ્થાન છે, અને ધનિક લોકોના વિદ્યાર્થીઓ એમાં ત્રણ-ચાર વરસ લહેર કરે એવો ખ્યાલ હવે ચાલ્યો ગયો છે. ખરું જોતાં વિદ્યાપીઠના વરસો તે વિદ્યાથીનાં વિદ્યા માટેની તપસ્યાનાં વરસો બનવાં જોઈએ.

**- બર્ટ્રાન્ડ રસેલ**

**2** નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

(૨)

માણસના મનની અંદર હંમેશા બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે, અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની પણ જરૂર છે. અને એ જાણ્યેથી પણ બસ નથી, પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો 'આર્કિટેક્ટ'ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે, પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઈ પડે છે, તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિના વચનો યાદ કરે છે, તે વિશે ભાષણો કરે છે. પણ તે પ્રમાણે ચાલતા નથી, અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવા લાયક વિચાર ગણા જ નહીં. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.

**ગાંધીજી**

(૨)

ધર્મની ચાર વાતો અરણ્યની ગુફામાં બેસીને કરવાથી ધર્મ આવડતો નથી. અરણ્યની ગુફા એ પ્રાચીન દાખલો લીધો, પણ વર્તમાન સમયની ગુફાઓ થોડી નથી : યુનિવર્સિટી, પુસ્તકશાળા, પ્રાર્થના મંદિર વગેરે આ જાતની ગુફાઓ જ છે. એમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જ્યાં સુધી વ્યવહારની કસોટીએ ચઢતું નથી, ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી. અમારા વખતના એક શિક્ષક માટે એવી વાત ચાલતી

કે, એમને ઘોડા ઉપર બેસતાં આવડતું નહતું, પણ એ ગુરુત્વ મધ્યબિંદુનો સિદ્ધાંત જાણતા હતા અને તેથી ગુરુત્વ મધ્યબિંદુની રેખા ઘોડામાં રાખવી એ કરતાં મનુષ્યે ઘોડે બેસવામાં કાંઈ વિશેષ કરવાનું નથી, એમ તેઓ સમજતા હતા. આવી સમજથી તેઓ ઘોડે બેઠા, પણ ઘોડાએ એમની સમજને માન ન આપ્યું. આપણો વ્યવહાર એ પણ આવો જ ઘોડો છે. એણે સમતાનો સિદ્ધાંત જાણનાર અસંખ્ય ઘોડેસવારોને પાડ્યા છે, અને આપણે પ્રતિદિન કેટલી બધી વાર પાડે છે, એનો સાક્ષી આપણો આત્મા જ છે.

**- આનંદશંકર ધ્રુવ**

3 ‘દ્વન્દ્વ’ અને ‘તત્પુરુષ’ સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **14**

**અથવા**

‘કર્મધારય’ અને ‘ઉપપદ’ સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો.

4 નીચેનામાંથી કોઈ ‘એક’ ગદ્યખંડમાં યોગ્યવિરામ ચિહ્નોનો ઉપયોગ કરી પુનઃ ગદ્યખંડનું લેખન કરો. **14**

**(૧)**

શબરી ક્યાં નૈવેદ્યનો વિધિ ભણવા ગઈ હતી એ બિચારીએ પ્રભુને બોર ધરાવ્યાં ત્યારે પાસે બેઠેલા કોઈકે પૂછ્યું કે ખાટાં તો નથી ત્યારે એણે ઉત્તર આપ્યો કે એકેએક કરડી ચાખીને લાવી છું પ્રભુએ એ બોર સ્વીકાર્યાં માટે અમે તો સ્પષ્ટ કબૂલ કરીશું કે પ્રભુનાં રહસ્યો જેવાં આ સાદાં ભોળાં અજ્ઞાન ભાસતાં મનુષ્યોને સમજાયાં હોય છે તેવાં આપણી મૂર્ખ વિદ્વાત્તાને સ્વપ્નામાં પણ ભાસ્યાં હોતાં નથી.

**અથવા**

**(૧)**

રાવૈયામાં ટપાલનું દુઃખ હતું ટ્રેન શરૂ થયા પહેલાં તોરણિયા મારફત તેમાં ટપાલ આવતી હવે રાવૈયા સ્ટેશનથી ચાર જ માઈલ દૂર હતું પણ ટપાલની વ્યવસ્થા જૂની જ કાયમ રહી હતી તેથી એક દિવસ નકામો જતો રેલવેમાં નવી લાઈન થાય નવું સ્ટેશન થાય તેમાં પોસ્ટ ખાતાને શું એ ખાતું તો સ્વતંત્ર છે ના.

5 નીચેના 04 પૈકી કોઈપણ 04 પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. **14**

(1) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) ‘ટાઢે પાણીએ ખસ જવી’

(2) ‘ડંકો વગાડવો’

(3) ‘ડાટ વાળવો’

(4) ‘થૂંકેલું ગળવું’

(5) ‘દમ મારવો’

(6) ‘દહાડા ભરાઈ જવા’

(7) ‘દાઢીમાં હાથ ઘાલવો’

(2) નીચેની કહેવતોનો અર્થ આપો.

(1) કૂતરાનું મોં બિલાડીએ ચાટ્યું

(2) ઘેર ઘેર માટીના ચૂલા

(3) દામ કરે કામ

(4) કૂવામાં હોય તો હવાડામાં આવે

(5) ચોર કોટવાલને દંડે

(6) દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ

(7) ઘરકી મુરઘી દાળ બરાબર

(3) અલ્પવિરામ, અર્ધવિરામ અને પૂર્ણવિરામનો પ્રયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય વિરામ ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો.

(4) નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો.

(1) ઋણમુક્ત

(2) વિદ્યાભ્યાસુ

(3) લગ્નગાળો

(4) સ્વર્ગવાસ

(5) અગ્રેચર

(6) દહીંવડા

(7) પીતાંબર

---